**<u>દાહોદ મે. એડીશ્નલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ. દાહોદ</u>**

**ફોજદારી કેસ નંબર :– ૫૯૪૮/૨૦૨૫**
**આંક– ૫**

**ફરિયાદી :–** ગુજરાત સરકાર

**વિરુધ્ધ**

**આરોપી :–** લાલાભાઈ ધનાભાઈ અડ,
રહે.કાકરી ડુંગરી ફળીયા, ગામ. ખરોડ, તા.જી.દાહોદ.

**<u>ગુનો</u> :– <u>પ્રોહી એકટની કલમ ૮૫,૬૬(૧)(બી) મુજબ</u>**

**// હુકમ //**

**૧.** ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૩/૦૯/૨૦૨૫ ના કલાક–૧૯:૩૦વાગ્યે મોજે પ્રોહી પ્રતિબંધક એરીયામા વગર પાસ પરમીટે જાહેરમાં કેફી પીણુ પી લથડીયા ખાતો બકવાસ કરતો મળી આવી પકડાઈ જઈ, પ્રોહીબીશન એકટની કલમ ૮૫, ૬૬(૧)(બી) મુજબનો ગુન્હો કરેલ અને ત્યારબાદ ગુનાની તપાસના અંતે આોપી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતા ઉપોકત ગુનાનું ચાજશીટ કરેલ છે પરંતુ પોલીસ પેપર્સ તથા એફ.આઈ.આર. વંચાણે લેતા પ્રોહી એકટની કલમ–૮૫(૧) મુજબનો ગુનો બનતો ન હોય તેમને ૮૫(૧) ના ગુનાના કામે બી.એન.એસ.એસની કલમ–૨૬૨ અંતર્ગત ડિસ્ચાર્ઝ કરવામાં આવે છે. ત્યાબાદ ગુનાની તપાસના અંતે પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી) મુજબનો ગુનો બનતો હોઈ આોપી વિરૂધ્ધ પરતા પુાવા જણાતા ઉપરોકત ગુનાનુ ચાજશીટ કરેલ છે.

**૨.** આરોપી તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થતા આરોપીને બી.એન.એસ.એસની કલમ–૨૩૦ હેઠળ તેમની સામેના કેસના પોલીસ પેપર્સના કાગળોની નકલ આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરતાં આરોપીએ તેઓની સામેનો ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.

**૩.** આજરોજ આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીએ અને તેઓના વિ.વ.શ્રીએ તેમની મૌખિક રજુઆતમાં જણાવેલ છે કે, પ્રથમવારનો ગુન્હો છે અને ફરી આવો ગુન્હો નહી કરે તેની ખાત્રી આપેલ છે અને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા જણાવે છે. જેથી દયાભર્યો હુકમ કરવા અરજ કરેલ છે.

**૪.** સદર કામે આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છીક રીતે પોતાની વિરુધ્ધનો ગુનો કબૂલ કરે છે. આમ, આરોપીની સદર ગુના કબુલાત સાચી અને સ્વૈચ્છીક હોઈ સદર કબુલાત ન માનવાને કોઈ કારણ નથી. વધુમા, ના.સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરુધ્ધ સુખદેવ સિંહ અને અન્ય ૧૯૯૨ (૩) એસસીસી ૭૦૦ ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ ન્યાયીક કાર્યવાહીના કોઈપણ તબકકે આરોપી દ્વારા સ્વેચ્છાએ ગુનાની કબુલાત થઈ શકે અને તે કબુલાત ઉપર આધાર રાખી શકાય છે.

**૫.** નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧) જી.એલ.આર. પેજ નં.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરલાલ હરીચંદજી ઠાકોરનાં કેસમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતને નજર સમક્ષ રાખતા આરોપીની સદર સ્વૈચ્છીક કબુલાત, ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહીં કરવાની ખાત્રી આપે છે તેમજ તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાવે છે. તે સંજોગોમા ગુના અંગે સજાની જોગવાઈ, કેસની હકકીત અને સંજોગો ધ્યાને લેતા આરોપીને સબક સ્વરૂપે હળવી શિક્ષા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવુ છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

**૧.** બી.એન.એસ.એસની કલમ–૨૬૨ અન્વયે આરોપી લાલાભાઈ ધનાભાઇ અડ, રહે.કાકરી ડુંગરી ફળીયા, ગામ. ખરોડ, તા.જી.દાહોદ નાઓને તેઓની વિરૂધ્ધના પ્રોહીબીશન એકટની કલમ: ૮૫, ૬૬(૧)(બી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦/–(અંકે રૂપીયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે. દંડની રકમ જમા કરાવવામાં કસુર કર્યેથી દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૪મી, માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ નેશનલ લોકઅદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :– ૧૪/૦૩/૨૦૨૬.
દાહોદ.

(કરણ.પી.યાદવ)
જયુડી.મેજી.ફ.ક.દાહોદ
જીજે ૦૧૬૭૭